# ટપંક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખપત્ર

વર્ષ : ૨ અંક : ૧૦ ઓકટોબર,૨૦૦૦



**સંપાદક ટીમ**
પ્રકાશ ભટ્ટી
મમતા ગૌસ્વામી
વજુ ગોવિંદીયા
ધર્મેન્દ્ર મહેતા


**સ્થાનિક કક્ષાએ ઉધોગોના પાણીથી વિપરીત અસર.**

સૌરાષ્ટ્રમાં જેતપુર સાડીઓના (કાપડના)પ્રોસેસીગ તથા પ્રિન્ટીગ માટેનું મહત્વનું અને અગત્યનું કેન્દ્ર છે.આ ઉધોગોને કારણે એસિડ યુકત – રંગ અને રસાયણ યુકત વાપરેલુ પાણી ભાદર નદીમાં અને જમીનમાં સીધું જ છોડવાના કારણે જેતપુર થી આરંભી ને ધોરાજી જ નહિં પરંતુ છેક ઉપલેટા સુધી લાલ–રંગીન પાણીની અસરની વાતો વર્તમાન પત્રમાં વારંવાર સ્થાન પામી ચુકી છે.તેના પરિણામે આ કાપડ ઉધોગને પ્રદુષણ ઘટાડવા માટેના ઉપાય અંગે વાંરવાર ચેતવણી આપવામાં આવેલી છે.પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને પર્યાવરણ વિષયક કાયદાના અર્થઘટનને હિસાબે જેતપુર કાપડ ઉધોગે જેતપુરથી તેમની કામગીરી થોડી હટાવી છે.અન્ય સ્થળે કામગીરી કરવા મજબુર કર્યા હોય તેમ જણાય છે.અને આ માટે ગિરનાર પર્વતમાળાની આસપાસ ગામડાઓની વાડીમાં આ કામગીરી ચાલતી હોવાનું ઘ્યાનમાં આવેલ છે. આવી કાપડ ઉધોગોને લગતી કામગીરીમાં ધોલાઈઘાટ અને પ્રોસેસીંગ યુનિટનો સમાવેશ થાય છે.જુનાગઢ જિલ્લાના ગિરનારની આસ પાસ રોડ નજીક ગામમાં આવેલા કૂવા ઉપર ધોલાઈઘાટ(ખેડૂતો પાસેથી પાણી લઈને)બનાવીને કામગીરી કરવામાં આવે છે.

આ પ્રોસેસીગ યુનિટને હિસાબે આસપાસની ખેતી અને વનસ્પતિને અસર થયાનું સ્થાનિક કક્ષાએથી જાણવા મળેલ છે.પરિણામે પાણી બગડવાથી રાંધવામાં અને પીવામાં સ્થાનિક કક્ષાએ અડચણો અનુભવાય છે,જમીન બગડતી જાય છે,રસાયણ યુકત પાણી ખેતરમાં વાપરવાના પરિણામે જમીન બગડતા ઓછી ઉપજ ઉતરે છે.અને જમીનનાં જૈવિક પરિસરને અસર થઈ છે.વનસ્પતિના કુદરતી ઉગાવામાં પણ નોંધપાત્ર ફેરફાર થઈ રહયો છે.અળસીયા અને બીજા જંતુઓ ઓછા થતા ઢોરબગલા અને કાંકણસાર ઓછા થયા છે,ઘાંસનો કુદરતી ઉગાવો ઓછો થવાનાં પરિણામે ગ્રેટિટ જેવા પંખીઓ જોવા મળતાં નથી.કાગડા અને ગીધની સંખ્યા ઓછી થઈ છે.

ખડીયામાં આવેલા પ્રોસેસીગ યુનિટના કારણે ખડિયા અને પાતાપુર ના ગામના લોકોની આપવિતી જાણવા જેવી છે.જેમ કે તેમના નદી કાંઠાના વિસ્તાર આસપાસ આવેલા કૂવાના પાણીથી ઢોર–ઢાખર અને માણસોને ન સમજાય તેવા રોગ થાય છે.ચા થઈ શકતી નથી ,પાણી પીવા લાયક રહયું નથી, જમીનમાં વાવેલા વાવેતરને કૂવાના પાણીથી સિચાઈ કરવામાં આવતાં જમીનનાં ઉપરના માટીના પડની ફળદ્રપતા માં ઘટાડો થાય છે.અને માટીનું ધૂળમાં રૂપાંતર થઈ રહયાનું જણાય છે.

જુનાગઢ બિલખા–બગડુ રોડ ઉપર જુનાગઢથી આશરે ૧૧ કી.મી.ના અંતરે ખડિયા ગામની હદમાં આવેલા પ્રોસેસીગ યુનિટને ડાઈગનું કારખાનું તરીકે ઓળખવામાં આવે છે. અને જુનાગઢ થી ૬ કી.મી.ના અંતરે આવેલા પાદરીયા (ડુંગરપુર–પાદરીયા) ગામે પણ આવું જ એક યુનિટ છે.આ ઉપરાંત જુનાગઢ–રાજકોટ અને જુનાગઢ – ભેંસાણ રોડ ઉપર જુનાગઢ તાલુકાના નીચે દર્શાવેલ ગામોની હદમાં ધોલાઈ ઘાટ આવેલા છે.કાથરોટા,ચોકી,ગલિયાવાડા, ચોકલ,વડાલ,બામણગામ,બલિયાવડ,સુખપુર મળી કુલ જુનાગઢ તાલુકાનાં ૧૦ ગામમાં અને ભેંસાણ તાલુકાના પરબવાવડી,પસવાડા,પાટલા,બામણગઢ,માલીડા, મોપરા,કરિયા,રાણપુર,ખારસિયા મળી કુલ ૯ ગામમાં નાના–મોટા યુનિટો થયા છે.આમ ભેંસાણ –જુનાગઢ બન્ને તાલુકામાં મળીને કુલ–૧૯ ગામમાં ધોલાઈ ઘાટ અને બ્લીચીગ ઘાટનું અસ્તિત્વ છે.જેમાનાં કેટલાક નિયમિત અને કેટલાક અંશતઃચાલુ છે.

પાણી પ્રદૂષણને હિસાબે થતી પર્યાવરણીય પરિસ્થિતિ અંગે જાગરૂકતા નો અભાવ જણાય છે.જયાં પાણીની પ્રદૂષીતતાના કારણે જળ–જમીન અને આરોગ્યના પ્રશ્નો ઉપસ્થિત થઈ રહયા હોવા છતા યોગ્ય અને સાચી સ્પષ્ટ સમજણના અભાવે ભવિષ્યમાં પ્રશ્નોનો સામનો કેવી રીતે કરવો તેની તેઓને ખબર પડતી નથી.સજીવ સૃષ્ટિ ઉપર આની સીધી અસર એ છે કે ગુડાજલી નદી કાંઠા પર અનેક જાતના પાણી કાંઠાના પક્ષી ઓ જોવા મળતા પણ હવે નથી પવનની દિશા અનુસાર ખડિયા ગામમાં પણ પ્રોસેસીગ યુનિટની ગંધ–વાસ નાક દ્વારા સ્પષ્ટ અનુભવાય છે.શ્વાસમાં ગંધ નિયમિત રીતે શ્વાસોશ્વાસ દ્વારા લેવાતા માનવ સહિત તમામ જીવંત સૃષ્ટિ માટે ખતરો ઉત્પન્ન થઈ રહયો છે.

**રમેશ પંડયા પશુ,પક્ષી,પ્રાણી કલ્યાણ મંડળ ખડિયા**

**મનુષ્ય ભૂલો કરતો રહે છે, પ્રયત્નના અંત સુધી... ફ્રોસ્ટ**

**અછત ક્ષેત્રે સ્વૈચ્છિક સંસ્થાઓની ઝૂંબેશ.**

પ્રવાહ અને જનપથ અમદાવાદ દ્વારા સાથી સંસ્થાઓ સાથે ૨૩ ઓકટોબરનાં રોજ અમદાવાદ ખાતે કાર્ય શિબિર યોજાઈ. આ શિબિરનો મુખ્ય ઉદેશ એ હતો કે જુદા–જુદા વિસ્તારની દુષ્કાળ પર ચર્ચા થાય.

શિબિર દરમ્યાન ગુજરાત રાજયને પાંચ વિભાગોમાં વહેંચી દઈ વિસ્તારનાં પ્રશ્નો ,તેના ઉકેલો અને સરકાર પાસેની અપેક્ષાઓ પર જુથમાં ચર્ચા થઈ. આ ચર્ચા પીવાનાં પાણી, ઘાસચારો, રોજગારી અને આરોગ્ય શિક્ષણ પર કરવામાં આવી હતી.

શ્રી અનિલભાઈ શાહે કાપાર્ટ દ્વારા રાહત માટેની ડ્રાઉડ પ્રુફિંગ યોજનાની વાત કરી. જયાં અછત હશે અને સંસ્થાનો ૫ વર્ષનો અનુભવ હશે તેવી સંસ્થાઓને ૪ થી ૫ ગામોમાં આ યોજના આપવામાં આવશે.

બપોર પછી જોઈન્ટ સેક્રેટરી ( રેવન્યુ) શ્રી દવે સાહેબ આવ્યા તેમની સમક્ષ સવારમાં થયેલી ચર્ચાઓ રજૂ કરવામાં આવી.તેમણે કહયુ કે સ્થાનિક સાધનોથી પાણી આપવુ જેમાં સ્વૈછિક સંસ્થાઓ તૈયાર થાય તો તેને ટેન્કર કોન્ટ્રાકટ આપવો, રાહતમાં રીર્ચાજીંગ અને ગાંડા બાવળ કાઢવાનાં કામો થશે.જયા ંપાણી છે ત્યાં લીલો ઘાસચારો ઉગાડવા માટે સર્વે થઈ રહયું છે. રાહત કામો પર પાણી,છાંયડા અને આરોગ્યની વ્યવસ્થા કરવા પણ તેઓ તૈયાર થયા છે.પરંતુ સ્વૈ.સંસ્થાઓને તેની અંદર જોડવાની કોઈ વાત થઈ નહી.

આ પછી દષ્કાળની પરિસ્થિતિ માટે આયોજન કરવામાં આવ્યું અને પાણીની વિગતો નાં સંકલન માટે' પ્રવાહ' અને રાહત કામોનાં સંકલન માટે ' જનપથ 'ને જવાબદારી સોંપવામાં આવી.

**એઈડઝ નિયંત્રણ અંગે સ્વૈચ્છિક સંસ્થાઓની કાર્યશાળા**

તા.૩૦/૧૦/૨૦૦૦ના રોજ ઓરીએન્ટેશન ટ્રેઈનીંગ સેન્ટર ,શશિકુંજ, જુનાગઢ ખાતે પ્રોજેકટ સપોર્ટ યુનીટ દ્વારા એઈડઝ નિયંત્રણ અંગે સ્વૈચ્છિક સંસ્થાઓની કાર્યશાળા કલેકટરશ્રી સુનયના તોમર ની ઉપસ્થિતિમાં યોજાઈ.

ડો.સકસેના એ HIV એઈડઝ વિશે જણાવ્યું કે શા માટે આ રોગની જાણકારી જરૂરી છે ?આ રોગ ને અટકાવવા માટે શું કરવું ? આ રોગની શરૂઆત કયારે થઈ, તેનો ખ્યાલ કયારે આવે વિ.બાબતો જણાવી.

ભારતમાં સૌ પ્રથમ મદ્રાસમાં ૧૯૮૬ માં એઈડઝ દેખાયો. છેલ્લા ૧૫ વર્ષ દરમ્યાન ૩૫,૦૦ ૦૦૦ લોકો માં રોગ ફેલાઈ ગયો છે.આ રોગની ખબર ૮ થી ૧૦ વર્ષે થાય છે. તેની જાણકારી નાં અભાવે રોગનો ફેલાવો ઝડપથી થાય છે.એઈડઝ વાઈરસ કયાં થી આપણા શરીરમાં પ્રવેશ કરે છે તેની શકયતાઓ વિગેરે માહિતી આપવામાં આવી .સંસ્થા દ્વારા લક્ષિત જુથ બનાવી તાલીમ આપવી તથા કયાં લક્ષિત જુથ સાથે કામ કરવા માંગે છે,તેની વિગતો જણાવવામાં આવી.

આ કાયર્યક્રમમાં શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્રનાં પ્રમુખશ્રી ધીરૂભાઈ,કુટંબ સલાહ કેન્દ્રમાંથી શ્રીમતિ કંચનબેન તથા હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટનાં માનદ મંત્રી કુ.મમતા ઉપસ્થિત રહયા હતા.

**અત્યાચાર/ગરીબી વિરોધી આંતરરાષ્ટ્રીય દિન**

સ્ત્રી પ્રત્યેના અત્યાચાર અને સ્ત્રીની વધતી ગરીબીની જડમાં દારૂ હોય તેવું જણાયું છે.દારૂબંધીના કડક અમલ ની માંગણી બુલંદ બનાવવા તા.૧૭/૧૦/૨૦૦૦ નાં રોજ ' અવાજ ' દ્વારા આયોજન કરવામાં આવ્યું.નારી પ્રત્યેના અત્યાચાર અને નારી ગરીબી વિરોધી આંતરરાષ્ટ્રીય દિવસની ઉજવણી માં અલગ–અલગ સંસ્થામાંથી ૫૦૦ જેટલી બહેનો જોડાયા હતા.

અતિથિ વિશેષ તરીકે નશાબંધી ખાતાનાં મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા,દારૂબંધીનાં આગ્રહી શ્રી ચુનીભાઈ વૈદ્ય તથા ડો.લીલાબેન ત્રિવેદીએ ' અવાજ કુંજ ' નું ઉદઘાટન કર્યુ હતુ. અલગ–અલગ વિસ્તાર અને સંસ્થામાં થી આવેલ બહેનોએ પોતાની આપવિતિ કહી સંભળાવી હતી.જેમા આંસુ સારતી બહેનો એ પોતાની ઉપર દારૂ પીધા પછી પોતાનો પતિ,પિતા કે અન્ય દ્વારા કેવા પ્રકારનાં અત્યાચાર થાય છે તે જણાવ્યું હતું,દારૂના દુષણનો ડામ ગમે ત્યારે દરેકને લાગે છે, જેમાં બાળપણનાં કિસ્સાઓ સાંભળવા મળ્યા.' અવાજ ' ની બહેનો એ એક ગીત રજૂ કર્યુ હતું.

" સરખી સાહેલી અમે સાથ... સાથ ઘુમશું
શેરીમાં સાદ કરી કહીશું રે લોલ ".......

ઈલાબેન પાઠકે પોતાની રજૂઆત કરતા જણાવ્યું હતુ કે ગુજરાતમાં રોજની ૨૦ સ્ત્રીઓ આગથી ભડકે બળે છે જેમાં ૧૭ તો દારૂનાં કારણે મરે છે, અને ભારતમાં દર સેકન્ડે દારૂનાં કારણે ૧ સ્ત્રી માર ખાય છે.

નશાબંધી ખાતાનાં મંત્રી શ્રી ફકીરભાઈ વાઘેલાએ જણાવ્યુ હતું કે આમ તો અમારા વિચારો ની તમે માંગણી કરી તેનું હું વચન આપુ છુ કે કડક માં કડક અમલ કરવામાં આવશે. નારી નારાયણી છે,સ્ત્રી ધારે તો પુરૂષો ને દારૂ બંધ કરાવી શકે છે,પરંતુ તેના માટે જરૂર છે સમાજની, માતૃત્વની શકિતની,સ્ત્રીઓની શકિતઓ બહાર લાવવાની છે. આજે મારે તમારી જરૂર છે.

આ કાર્યક્રમમાં શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્રના બહેનો મમતા,પૂર્વી ,હેતલ,તૃપ્તિ એ ભાગ લીધો હતો.અત્યાચાર અને ગરીબી ઉપર પોતાના વિચારો રજુ કર્યા હતા. આ બંને માટે દારુ જવાબદાર હોવાનુ જણાવ્યુ હતુ .

**પ્રવાહ**

પીવાનાં પાણીની સમસ્યા પર કામ કરતી ગુજરાતની સંસ્થાઓનું નેટવર્ક 'પ્રવાહ' દ્વારા ૧૫ ઓકટોબર ના રોજ રાજુલા મુકામે અમરેલીના જળ સમસ્યા પર કામ કરતી સંસ્થાઓ સાથે તેની બેઠક યોજાઈ.

આ બેઠકમાં વરસાદી પાણીને રોકીને ભૂગર્ભ માં ઉતારવા માટે સરકાર પાસે નિતિ વિષયક નિર્ણયો લેવરાવવા,ફંડીગ એજન્સીઓનો સહકાર મેળવવો તેમજ જળવ્યવસ્થાપન અંગે લોકો માં જાગૃતિ લાવવી તે બાબતે ચર્ચા થઈ.આ ઉપરાંત અમરેલી જીલ્લાની સંસ્થાઓનું નેટવર્ક ઉભું કરવું તે માટે તેની મીટીંગ નવેમ્બરમાં અમરેલી ખાતે રાખવી તેવું નક્કી થયું છે.આ બેઠકમાં સંસ્થાના સાથી શ્રી વજુભાઈ સામેલ થયા હતા.અમરેલી મુકામે આગામી બેઠક યોજવા શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્ર તથા સમગ્ર વિકાસ ટ્રસ્ટ જરુરી સહયોગ આપશે તેમ નકકી કરવામાં આવ્યુ.

**સેવાતીર્થ**

સોસાયટી ફોર ધી ટ્રેનીગ એન્ડ વોકેશનલ રીહેબીલીટેશન ઓફ ધી ડીસએબીલીટી અને ગુજરાત રકત્તપિ ત નિવારણ સેવા સંઘ,સામાજીક વનીકરણ રેન્જ વડોદરા તથા રોટરી કલબ ઓફ વડોદરા કોસ્મોપોલીટનનાં સંયુકત ઉપક્રમે વિકલાંગ તથા રકત્તપિત માંથી રોગમુકત ભાઈ–બહેનોને સ્વરોજગારલક્ષી સાધન સહાય કાર્યક્રમ સંસ્થા સંચાલિત તાલીમ કેન્દ્ર'સેવાતીર્થ' તરસાલી,વડોદરા મુકામે શુક્રવાર તા.૨૨/૯/૨૦૦૦ બપોરે ૩–૦૦ કલાકે રાખવામાં આવ્યો હતો.કમિશ્નર ફોર ડીસએબીલીટી ગુજરાત રાજય ગાંધીનગરનાં શ્રી એ.આર.બેનરજી દ્વારા 'સેવાતીર્થ' વેબસાઈટનું ઉદઘાટન કરતા જણાવ્યું કે' સેવાતીર્થ' એ યાત્રાનું સ્થળ છે.તેઓએ' સેવાતીર્થ'ની પ્રવૃતિની પ્રશંસા કરી હતી અને વૃક્ષનું મહત્વ સમજાવ્યું હતુ.

નાયબ વન સંરક્ષક સામાજીક વનીકરણ વિભાગ વડોદરાના ડી.આર.એમ.પટેલે 'સેવાતીર્થ'માં વૃક્ષા રોપણ માટે સ્પષ્ટ વકતવ્ય કરતા જણાવ્યું કે વૃક્ષો રોપ્યા છે.ત્યારે તેનો ઉછેર થાય તેની કાળજી રાખવી જોઈએ.આવતા વર્ષે પણ સરકારી રાહે અને વ્યકિતગત રાહે મદદ કરીશું.

આ શુભ પ્રસંગે નારીકુંજ મહિલા મંડળ દવારા રૂ.૫૦૧/– સંસ્થાને અર્પણ કરવામાં આવ્યા.જયશ્રીબેન પટેલ દ્વારા રૂ.૫૦૦૦/– નું સંસ્થાને દાન અર્પણ કરવાની જાહેરાત કરવામાં આવી.ભૂપેન્દ્રભાઈ ભાવસાર દ્વારા પલંગનું દાન આપવામાં આવ્યું.

મદદનીશ વન સંરક્ષણશ્રી આર.એન.સૈયદ દ્વારા પધારેલ મહેમાનો તથા ફલેવર્ડ મિલ્ક આપવા બદલ બરોડા ડેરીનો આભાર વ્યકત કરી આભારવિધિ કરવામાં આવી.

**સંસ્થા સમાચાર**

**કુંટંબ સલાહ કેન્દ્ર** :– તા.૧/૯/૨૦૦૦ થી અમરેલી મુકામે હનુમાનપરા રોડ પર કુંટંબ સલાહ કેન્દ્ર કેન્દ્રીય સમાજ કલ્યાણ બોર્ડના સહયોગથી શરુ કરેલ છે. એક સ્ત્રી તથા એક પુરુષ કાઉન્સેલર દ્વારા આ કેન્દ્ર દ્વારા પારિવારિક પ્રશ્નો પર માર્ગદર્શન અપાઈ રહયુ છે.

આપના પરિવારમાં અથવા આપની આસપાસ આ પ્રકારના કિસ્સા ઘ્યાન પર આવે તો આ કેન્દ્રના કાઉન્સેલર શ્રીમતિ રેખાબેન દોંગાનો રૂબરૂ સંપર્ક કરવા જે તે વ્યકિતને જાણ કરશો અથવા આ કેન્દ્રના સરનામે પત્ર કે ફોન(૨૩૫૨૫) દ્વારા જાણ કરશો તો કેન્દ્રના કાઉન્સેલર ભાઈ કે બહેન આપનો અથવા સંદર્ભિત વ્યકિતનો રૂબરૂ સંપર્ક કરશે.

**યુવતિ વિકાસ કેન્દ્ર** :–ચાલુ વર્ષના બીજા ત્રિમાસિક દરમ્યાન યુવતિ વિકાસ કેન્દ્ર દ્વારા વ્યકિતગત કાઉન્સેલીગથી ૧૧૩ બહેનોના પ્રશ્નોમા રૂબરૂ ચર્ચા કરી જરુરી સહયોગ કરવામા આવ્યો.તેમજ જુથ કાઉન્સેલીંગમાં અમરેલી (૧૮/૭) તાતણીયા(૨૫/૭) નાના વિસાવદર(૨૯/૭) સમઢીયાળા (૨૪/૮) ખાંભા (૨૫/૮)ચક્રાવા (૨૮/૮) દેવગામ(૩૧/૮) ચિતલ(૫/૯) નાના વિસાવદર (૭/૯) સુખપુર(૧૦/૯) રબારીકા(૨૮/૯) વિ.જુદા જુદા સ્થળોએ બહેનો ઈચ્છે તે વિષય પર માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યા જેમા ૩૨૧બહેનોએ ભાગ લીધો હતો.

**સ્વ સહાય જુથો** :–એક વર્ષ ઉપરાંતના જુના ૨૨જુથો પૈકી ૧૮ જુથો કાર્યરત છે. જે તમામ બેંક સાથે જોડાયેલા છે.૩ જુથોએ બેંક પાસેથી ધિરાણ લીધુ છે.

છેલ્લા ત્રિમાસિક ગાળા દરમ્યાન નવા ૫૮ જુથો રચાયા છે. જેમાથી ૨૨ જુથોને બેંક સાથે જોડવામા આવ્યા છે. આ જૂથનાં જુથ લીડરો માટે હિસાબો કેમ લખવા તેના માટે તા.૧૩/૧૦/૨૦૦૦ નાં રોજ એક દિવસની તાલીમ લોહાણા જ્ઞાતિ ની વાડી–ખાંભા ખાતે રાખવામાં આવી હતી.જેમાં બચત જૂથના હિસાબો, કાર્યવાહી નોંધ, રોજમેળ ખાતાવાહી તથા અન્ય જરૂરી હિસાબી માહિતી સંસ્થાના પ્રમુખ શ્રી ધીરૂભાઈ વાગડીયાએ આપી હતી નાના સમુહમાં સહભાગીતા પર કામ કેમ કરવું ,તેમાં સક્રિયતા કેવી હોવી જોઈએ તેના સંદર્ભમાં ચાર ગ્રૃપ બનાવી કેસ સ્ટડી આપવામાં આવેલ,દરેક બહેનો એ રસ પૂર્વક ભાગ લીધો હતો,તેમાં ઘણું જાણવા મળ્યુ હતું.બહેનોએ પોતાના વિચારો પણ રજૂ કર્યા હતા.

**સ્થાનિક સ્વરાજ** :–પંચાયતી રાજની સંસ્થાઓ માં મહિલાઓ વહિવટ માં આવી તેની અસરો જાણવા માટે તથા ભવિષ્યનાં આયોજન માટે સંસ્થા દ્વારા ખાંભા તાલુકાની સરપંચ બહેનો ની એક મિટિંગ યોજવામાં આવી.જેમાં

સંસ્થાએ શરૂ કરેલ પંચાયત સંદર્ભ કેન્દ્ર ની વિગતો આપવામાં આવી.ખાંભા તાલુકાની પંચાયતને લગતા પ્રશ્નો અને તેના નિરાકરણ માટે સંસ્થા દ્વારા આ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે જેમાં મહિલા સ્વરાજ અભિયાન ,ઉન્નતિ તથા સ્થાનિક પંચાયતો અને તાલુકા પંચાયત ખાંભા વિ.સહયોગ આપી રહયા છે.

**વોટરશેડ વિકાસ યોજના** :–તા.૧/૧૦/૨૦૦૦ નાં રોજ અમરેલી ગોકુલ ગાર્ડન ખાતે સંસ્થાનાં પ્રમુખશ્રી ધીરૂભાઈ વાગડીયાનાં અઘ્યક્ષ સ્થાને ૧૦ ગામનાં મંત્રીઓ ની મિટીગ યોજવામાં આવી.પ્રોજેકટ લીડરશ્રી સુરેશભાઈ ગોહીલ સહિત ટીમના તમામ સભ્યો આ બેઠકમા જોડાયા.

આ ૧૦ પ્રોજેકટ પૂર્ણ થવામા હોય પ્રમુખશ્રી/મંત્રીશ્રીઓએ અને કમિટીએ ભવિષ્યના આયોજન માટે શું કરવાનું થાય છે તેની ચર્ચાઓ કરવામાં આવી. તેમજ આ કાર્યો ચાલુ રાખવા માટે શું કરવું જોઈએ,વહીવટી ખર્ચ ની માહિતીઓ,અવૈધિક શિક્ષણનાં વર્ગો ચલાવવા બાબત,સ્વ સહાય જુથોનાં સંચાલન/જોડાણમાં મદદ, અન્ય કાર્યક્રમો લેવા માટે સ્થાનિક સમસ્યાઓની ઓળખ,કારોબારી સમિતિની માસિક મિટીગ નિયમિત બોલાવવી,તેને સક્રિય બનાવવા શું કરવું ? તેમજ જિલ્લા/તાલુકા કક્ષાએ વોટરશેડ સંગઠનોનું નેટવર્ક બને તેઅંગે પણ ચર્ચા થઈ. આ જવાબદારી શ્રી મગનભાઈ સેંજલીયાએ ઉપાડવા સંમતિ આપી.

નવા ૬ પ્રોજેકટ માટે ટીમ દ્વારા રજુ થયેલ આયોજન મુજબ નવેમ્બર માસમા એન્ટ્રી પોઈન્ટના કામ પુર્ણકરવા નકકી થયુ તેમજ યોજનાનું ભંડોળ આવે તે પહેલા કામના આગોતરા આયોજન કરી રાખવા જેમાં ચાલુ વર્ષ દુષ્કાળ અછતને ઘ્યાનમા રાખી લોકોને રોજગારી મળી રહે તેવુ આયોજન કરવુ. તેવી રજુઆત સમિતીઓ સમક્ષ થઈ.

**નૂતન વર્ષાભિનંદન**

સ્નેહના સાગરઆશાના કિરણ સમા ટપકના વાચક મિત્રો, આપ સૌ ને નવા વર્ષના સાલ મુબારક.

સંસ્થાની પ્રવૃતિમાં આપ સૌનો સેવા ભાવી સહકાર મળતો રહયો છે.આવનારા વર્ષમાં પણ સંસ્થાની જુદી–જુદી પ્રવૃતિમાં આપ સહભાગી થશો અને આપનો હકારાત્મક સહકાર મળી રહેશે.

નવું વર્ષ આપ સૌ ને માટે નિરોગી ફળદાયી અને સુખી રહે તેમજ આપ જે નોકરી, વ્યવસાય કે પ્રવૃતિઓ સાથે જોડાયેલા હશો તેમા પ્રગતિ થાય તથા આપના દરેક કાર્યો સફળ થાય તેવી શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્ર તથા ટપક પરિવારની શુભકામના.

ચડતી–પડતી, સુખ–દુ:ખ તો જીવનનો એક એક ભાગ છે. જેમા કયા સમયે શું બનશે તે નકકી નથી હોતુ પરંતુ આપણે આપણા ઘ્યેય–લક્ષ્યને પાપ્ત કરવા કે સફળ બનાવવા સતત કાર્યશીલ અને તનતોડ મહેનત જરુરી બનશે.

–સંસ્થાના આવનારા કાર્યક્રમોને સફળ બનાવવા અને પ્રવૃતિને વેગ આપવા આપણે બધા સાથે મળી સહકાર આપીએ.

–દુષ્કાળની પરિસ્થિતીનો સાથે મળીને સામનો કરીએ .

–સંસ્થાની પાયાની પ્રવૃતિઓ અને ભૂતકાળમાં થયેલા કામોનું જતન કરીએ.

–સમાજની જરૂરીયાતને પહોંચી વળવા કમર કસીએ.

–મંડળોના સંગઠનથી સમાજમાં જાગૃતિનો જયઘોષ કરીએ.

–આપણાં આવનારા તમામ કાર્યો અને પ્રવૃતિઓ સમાજ ઉપયોગી અને લોક જરુરિયાતનુ કેન્દ્ર બની રહે તે માટે સતત જાગૃત રહીએ.

**" નૂતન વર્ષ–આપણી પ્રવૃતિનું વેગ વર્ષ બની રહો."**

Publisher, Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centre and Printer Hiren Bipinbhai Joshi & printed at Devkamal Computers,Ganesh complex - Amreli and Published at 95-Jalaram nagar (2), Amreli, Editor Dhiren Vagadia.

**Post Regn. No. G/AMI-91/99 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/1999/1521**
**Date Of Issue1st of month**

ટપક કાર્યાલય
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**
૯૫,જલારામનગર–૨ અમરેલી
☎(૦૨૭૯૨) ૨૩૫૨૫, ૨૫૧૫૭, ૨૫૧૯૮
E-mail hard@ad1.vsnl.net.in

**મનુષ્ય માત્રની એકજ વાણી, સાચવી વાપરો પાણી.**